## ભારત-ચિલી વિદેશ કાર્યાલય પરામર્શની 9મી બેઠક

11 નવેમ્બર, 2025

9મી ભારત-ચિલી વિદેશ કાર્યાલય પરામર્શ (FOC) બેઠકની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રાલયના સચિવ (પૂર્વ), શ્રી પી. કુમારન અને ચિલી ગણરાજ્યના વિદેશી બાબતોના મંત્રાલયના મહાસચિવ, રાજદૂત રોડ્રિગો ઓલ્સેન દ્વારા 10 નવેમ્બર 2025 ના રોજ સેન્ટિયાગોમાં યોજાઈ હતી. 1-5 એપ્રિલ 2025 દરમિયાન ચિલીના રાષ્ટ્રપતિની ભારતની રાજકીય યાત્રા બાદ, આ પરામર્શથી દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર વિસ્તારની સમીક્ષા કરવાની તક મળી.

2. FOC દરમિયાન, બંને પક્ષોએ એપ્રિલ 2025 માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ બોરિક વચ્ચે ચર્ચિત બાબતો પર પ્રગતિની સમીક્ષા કરી, જેમાં બંને દેશો વચ્ચે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) માટે ચાલી રહેલી વાટાઘાટોના વહેલા સમાપન હેતુ તેમને ઝડપી બનાવવાનો સમાવેશ થાય છે. ભારત અને ચિલી વેપાર, રોકાણ, કનેક્ટિવિટી, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, પરંપરાગત દવાઓ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, ખાણકામ અને ખનિજ સંશોધન, સંરક્ષણ, નાગરિક પરમાણુ ટેક્નોલોજી, શિક્ષણ, અવકાશ, કૃષિ અને લોકોથી લોકોના પારસ્પરિક સંબંધોના આદાનપ્રદાન સહિતના મુખ્ય ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવા સંમત થયા છે. ભારતે ચિલીને ખનિજ સંસાધનોના પુરવઠા માટે લાંબા ગાળાના કરારો પર વિચાર કરવાની વિનંતી કરી છે.

3. બંને પક્ષો ડિજિટલ જાહેર માળખાગત સુવિધા, નવીનતા અને હરિત ઊર્જા જેવી સમકાલીન પ્રાસંગિક એવા નવા અને ઉભરતા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોમાં વિવિધતા પ્રદાન કરવા માટે પણ સંમત થયા હતા. ભારતીય વ્યાવસાયિકો અને વેપારી મુલાકાતીઓ માટે વિઝાને સરળ બનાવવાના મુદ્દા પર, ખાસ કરીને એપ્રિલ 2025 માં રાષ્ટ્રપતિ બોરિક દ્વારા જાહેર કરાયેલ વેપારી વ્યક્તિઓ અને વ્યાવસાયિકો માટેના મલ્ટિપલ એન્ટ્રી વિઝા શરૂ કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

4. દ્વિપક્ષીય સંબંધોમાં વૈવિધ્યકરણ લાવવા તેમજ તેને મજબૂત બનાવવા માટે, બંને પક્ષો વિચારણા હેઠળના કરારોને અંતિમ સ્વરૂપ આપવા માટે ઝડપી પ્રતિભાવો આપવા સંમત થયા, જેમાં કસ્ટમ બાબતોમાં સહયોગ, ભારતીય ઔષધકોષની માન્યતા, પરંપરાગત દવાઓ અને યોગમાં સહયોગ, સામાજિક સુરક્ષા કરાર, અવકાશ ક્ષેત્રમાં સહયોગ, સુરક્ષા, શિક્ષણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી સહિતના ક્ષેત્રોમાં તાલીમ અને ક્ષમતા નિર્માણ તેમજ સાંસ્કૃતિક અને વિઝા બાબતોનો સમાવેશ થાય છે જેથી લોકોથી લોકોના પારસ્પરિક સંબંધોને વધારી શકાય.

5. બંને પક્ષો પરસ્પર હિતના મુદ્દાઓ અંગે બહુપક્ષીય મંચો પર સઘન સહકાર કરવા સંમત થયા. ચિલીએ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સૌર જોડાણના LAC પ્રાદેશિક પરિષદનું આયોજન કર્યું હતું અને

ભારત અને ચિલીએ નવીનીકરણીય ઊર્જા, ટેક્નોલોજીના આદાન-પ્રદાન અને રોકાણોના ક્ષેત્રમાં સહયોગની ચર્ચા કરી હતી.

6. વિદેશ કાર્યાલય પરામર્શ બેઠકનો આગામી રાઉન્ડ નવી દિલ્હીમાં પરસ્પર અનુકૂળ તારીખે યોજવા માટે સંમત થયા હતા.

સેન્ટિયાગો

10 નવેમ્બર, 2025